# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૨૯૮ • તા.૨૪ ફેબ્રુઆરી થી ૦૧ માર્ચ ૨૦૨૪

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




# શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનની

# મહાસમિતિની મિટીંગ કચ્છ મુકામે યોજાઈ

Diamond manufacturers,
Exporter’s & Importer’s
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai





# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


-: સંપાદક ગણ :-

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



-: કાર્યાલય :-

પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

જ્ઞાતિમૈયા હવે નેટ પર....

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.




# હક્ક અને ફરજ એક સિક્કાની બે બાજુ

જે પરિવારમાં આપણું અવતરણ થયું છે ત્યાંથી કુદરતે આપણને સ્થાનના, જ્ઞાતિના હક્ક આપ્યાં અને ફરજ પણ. આપણો હક છે આપણા માતાપિતાનો લાડનો લ્હાવો લેવું. ભાઈ-બહેનોના પ્રેમ હેતને સાથ, મિત્રોની સાથે મનભરી મોજ માણવાનો હક એ બધું જાણે ઈશ્વર દત આર્શિવાદ છે. કોઈ ચિંતા કે ફિકર વિના, કે અન્ય કોઈ ઔપચારિકતાની જરૂરિયાત વિના આ હક્કનો વૈભવ આપણે જીવનભર ભોગવતા રહીએ છીએ. હક્ક એટલે બીજા અર્થમાં અધિકાર. જે આપણું છે, આપણને મળવા પાત્ર છે. આ અધિકારનું જતન દેશનું બંધારણ પણ કરે છે. સબળ સશક્ત નબળા વર્ગને કચડી ન નાખે, અશક્ત પર કોઈ છવાઈ ન જાય એટલે સમાજના જતન માટે કાયદાને ન્યાયની સુચારૂ વ્યવસ્થા કરી છે.

હક્કના વિરૂદ્ધ બાજુ એટલે ફરજ. આ એક સિક્કાની બે બાજુ છે. જેટલી મજબૂતીથી હક્કની માંગ કરીએ છીએ એટલા અધિકારપૂર્વક ફરજ પણ નિભાવવાની જરૂર હોય છે તેમાં ચૂક થવી ન જોઈએ. હક્ક અધિકાર પૂર્વક માંગી ફરજ માટે આનાકાની કરનાર, ફરજ અદા કરવા ગલ્લાં તલ્લાં કરનાર વ્યક્તિની નિયત સાફ નથી હોતી. ગમતું મળ્યાં જ કરે એવી ઈચ્છા દરેકની હોય છે. પણ વાસ્તવિકતા જોવી જોઈએ અને એ હિસાબે વ્યવહારની રૂઢિ અપનાવવી જોઈએ. ઘર કે કુટુંબમાં કે વ્યવસાય કે વ્યાપારમાં બધા સંબંધો હક્કની મર્યાદાની સીમા રેખાથી બંધિત છે. દરેકે એ સમજવું જરૂરી છે કે જ્યારે કોઈના હક્ક પર અન્યાયી રીતે આપણે બેફિઝુલ તરાપ મારીએ છીએ ત્યારે સંબંધોની બાજી બગડવાની શરૂઆત થાય છે.

અણગમતી પદ્ધતિ આચરી કોઈના હક્ક પર કબજો કરવાની વૃત્તિ માનવીય સંસ્કારને લાગતો લૂણો છે. અન્યાયી પદ્ધતિ અપનાવી કોઈના હક્કને ડૂબાડવું એ અમાનવીય વ્યવહાર છે. સારા સારનો વિવેક ભૂલી હદ પાર કરી કોઈનો હક્કને ડૂબે નહીં એ પ્રત્યે જાગૃતતા રાખવી જોઈએ. મારૂ એકલાનું અને તારૂં મારૂ સહિયારૂં એવી વૃતિ કોઈ પણ સંબંધને કાલિમા લગાવે છે.

હક્કને માંગતા પહેલાં આપણી ફરજ ભૂલવી ન જોઈએ. કારણ કે ફરજ પરથી આપણને એક દિવસે શિખરે બેસાડે છે. કારણ કે હક્ક માંગવું એ સ્વાર્થ છે જ્યારે ફરજ પ્રત્યે સમર્પિત થવું એ સ્વાર્પણ છે. હક્કની માંગ એકનું કલ્યાણ થશે પણ ફરજ અદા કરવાથી અનેકનું ઉત્કર્ષ થશે. સારા સારનો વિવેક ભૂલી હદ પાર કરીને પોતાનું જ માત્ર સ્વાર્થ જોવું એ અન્યના હક્ક પરની તરાપ છે એ ભૂલવું ન જોઈએ. આપણું જીવન કર્મ મય છે. સતત કંઈને કંઈ કરતા જ રહેવાથી શુભ હેતુને લીધે સર્જનાત્મક પ્રવૃત્તિ સર્જાય છે. નહિં તો ખંડનાત્મક પ્રવૃત્તિઓ જન્મે છે. હક્ક અને ફરજના અધિકાર જાણવા પણ જોઈએ અને માણવા પણ જોઈએ. હક્ક પ્રત્યે જાગૃતિ રાખવી અને ફરજ માટે તત્પરતા ધરાવવી પ્રત્યેકનું કર્તવ્ય છે.

– જ્ઞાતિમૈયા

# સમય પહેલાં ત્યાગ કરવામાં શાણપણ છે

આ જગતને કદી કોઈનો ખોટ વર્તાઈ નથી. બીજી અર્થમાં કહીએ તો કોઈના વિના કદી કોઈનું કંઈ અટકતું નથી. સમય અને સંજોગ પ્રમાણે જીવનનો વ્યવહાર અવિરત ચાલતો રહેવાનો છે. કશું આપણા હાથમાં નથી તેના લીધે જગતનું કામ અટકી જાય. પછી પાછળ શું થવાનું છે એની કાળજી, ફિકર ચિંતા કરવી શું કામ? જગત માટે જે કંઈ મહત્વનું છે તે થઈ રહ્યું છે અને જરૂરતનું હશે તે થઈ રહેવાનું છે. એટલે જે થશે તે આપણે અટકાવી શકવાના નથી. એટલે જ આપણી ઈચ્છા પ્રમાણે જગતમાં કશુંય થવાનું નથી. આમ છતાં આપણે એવી અકડાઈથી ચાલી રહ્યાં છીએ કે આપણે જ સમગ્ર જગતના હર્તા કર્તા છીએ. મેં આ કર્યું, તે કર્યું, હું ન હોત તો આ ન થાત અને હું હોત તો આમ થવા ન દેત આ બધા બણગાં છે. ઠાલો અહંકાર છે. હું જ કરું છું એ મિથ્યાભિમાન, અહંકાર છે. કૂતરું ગાડા નીચે ચાલે છે ત્યારે ગુમાન રાખે છે કે આખા ગાડાનો ભાર મારી પર છે. એવી આપવડાઈની સ્થિતિ છે.

કેટલાક લોકો આવડત અને શક્તિના બડા બોલ વદતા હોય છે. ક્યાંય સફળતા થતી દેખાય કે આ મારા લીધે વિજય મળ્યો છે એવી હવા પ્રસરાવે છે. કામ અન્ય કરતાં હોય પણ પોતે જ બધું કર્યું એવો દેખાવ કરે છે. સામાજિક ક્ષેત્રે ઘણી સંસ્થાઓમાં ઠેરઠેર આવા લોકો જોવા મળે છે. આવા પ્રકારની જમાત દરેક ઠેકાણે દરેક સંગઠનમાં હોવાની જ ઢોલ નગારા પીટીને પોતાની જાતને પ્રોજેક્ટ કરતા માણસોનો તોટો ક્યારે કોઈને પડ્યો નથી. હું અને મારું આ બે શબ્દો હેંગરની જેમ લટકતા હોય છે. આ બે શબ્દ ન હોય તો માણસ સ્વભાવિક પણે વર્તી શકે. મિથ્યાભિમાન વિહીન લોકો જ સહજતાથી વર્તી શકે છે અને જો હું કાંઈ કરી શક્યો હોઉં તો એ પરમાત્માની કૃપા છે. જો મને ધન, સાધનો અને શક્તિનું બળ મને પ્રાપ્ત થયું ન હોત તો આ માનું કશું કરી શકત નહીં એવું કહેનાર સહેજ અને સરળ સ્વભાવી હોય છે.

બાકી અળવિતરા લોકોથી જગત ભરેલું પડ્યું છે. આ જગતમાં કેટલાય માણસો એવા પ્રકારના છે. જે એમ માને છે કે આ જગત તેના દ્વારા જ ચાલી રહ્યું છે. તે જો નહીં હોય તો આ દુનિયા નહીં ચાલે. કુટુંબ, સમાજમાં ને રાજકારણમાં આવા માણસોનો તોટો નથી પોતે જેકરે છે તે બીજા કોઈ નહીં કરી શકે. એવી માન્યતા મન મગજમાં ઘાલીને બેઠા હોય છે.

એટલે બીજામાં વિશ્વાસ રાખી શકતા નથી કે ભરોસો રાખી શકતા નથી. આને લીધે ઘરમાં કે કામકાજ સ્થળે, જિંદગીભર ઢસરડો કરતાં રહે છે, બોજો ઉપાડી ફરતા હોય છે. તેમને ઉંચકીને ફેંકી ન દેવાય ત્યાં સુધી જળોની જેમ વળગેલા હોય છે. તેઓ મેદાન આપ મેળે છોડતા નથી. વાર્યા નહીં પણ હાર્યા વળે વલણ તેમનું હોય છે. ગમે તેટલું સમજાવો પણ તેઓ તેમની જડ માન્યતા બદલી શકતા નથી. શરીર ગળી જશે, ગાત્રો સ્થિલ થઈ જશે. વિચાર, નજર દ્રષ્ટિ મંદ થઈ જશે તો પણ સ્વેચ્છાએ નિવૃત્તિ લેશે નહીં. તેઓ એટલું પસારીને બેઠા હોય છે કે એક ઝાટકે સમેટવું તેમને માટે મુશ્કેલ હોય છે. ધન કદાચ છોડી શકાય પણ સતા અને પદ પ્રભાવ છોડવું એટલું આસાન નથી. બીજાની ઉપર અંકુશ રાખવાનું તાબે રાખવું. હુકમ ચલાવવું એ માણસને બહુ ગમતું કામ છે. આ પકડ જિંદગીભર છૂટતી નથી. તેનો ત્યાગ કરવો એટલો આસાન નથી.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

ARIHANT BANK

## SHRI ARIHANT CO-OP. BANK LTD.

1st February - 30th June 2024

With **LOWEST INTEREST** Rates,
we are still very much **Co-operative**

HOME LOAN

CAR LOAN

eAUTO LOAN

2 WHEELER LOAN

***7.49%**
(p.a.)

GOLD LOAN

COMMERCIAL VEHICLE LOAN

EDUCATION LOAN

LOAN AGAINST INSURANCE POLICY

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083**

| | | | | |
|---|---|---|---|---|
| Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656 |

**SADA AAPKE SANG, ARIHANT**

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**

SADA AAPKE SANG, ARIHANT

www.arihantbank.com @ Arihant Bank

KDO

# શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનની મહાસમિતિની મિટીંગની ઝલક



શ્રી સમસ્ત મહાજનની મહાસમિતિની એક સભા શુક્રવાર તા.૨૩ ફેબ્રુઆરીના રોજ 'માણેક સ્વાગત કક્ષ', રાપર ગઢવાળી (કચ્છ) મુકામે રાતના ૭.૦૦ કલાકે મળેલ તેમાં ૩૪ સભ્યો હાજર રહ્યાં હતાં. સભાની શરૂઆત નવકાર મંત્ર પઠન થઈ હતી. સેક્રેટરી જનરલ શ્રી નીશિથભાઈ દંડએ પધારેલ સર્વે સભ્યોને સહૃદયથી આવકાર આપ્યો હતો. આજની સભાના પ્રમુખ સ્થાને મેનેજીંગ ટ્રસ્ટી શ્રી ચંદ્રેશ વીરચંદ શાહ (છેડા)ને સ્થાન ગ્રહણ કરવાનું સૂચન શ્રી મહેશ ખીમજી લાલકાએ જણાવતા શ્રી મુકેશભાઈ માણેકજી લોડાયાએ તેમના સૂચનને ટેકો આપ્યો હતો. ત્યારબાદ શ્રી ચંદ્રેશ વીરચંદ શાહ (છેડા)ના પ્રમુખ પદે સભાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

**એજન્ડા નં.૧.** ગત તા.૨૩-૯-૨૦૨૩ની મિટીંગની મિનિટનું વાંચન સભા સમક્ષ કરવામાં આવ્યું હતું. જે મંજૂર રહેતા બહાલીના હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

**એજન્ડા નં.૨.** સમસ્ત મહાજનની વિવિધ સમિતિઓની કાર્યવાહી અંગે સેક્રેટરી જનરલ શ્રી નીશિથભાઈ દંડે આછેરી જાણકારી આપી હતી કે બધી સમિતિઓ ખૂબજ સારું કાર્ય કરી રહી છે. બીટુબી, દિવ્યાંગ, ધન્વંતરી, સ્વરોજ, સંજીવની, મીડિયા આ દરેક સમિતિઓ સમાજને ઉપયોગી નિવડી છે. જ્ઞાતિમૈયા એ સમસ્ત મહાજનનું ડિજિટલ ક્ષેત્રે ક્રાંતિકારી પગલું છે. એમાં જીવનચક્ર અને સગપણ નોંધની વિગતો પ્રકાશિત કરવા સભ્યોની માંગણી આવકારીને તેનો અમલ કરવા માટે બાંહેધરી આપી હતી. હાલમાં બધું ડિજિટાલાઈઝેશન થઈ ગયું છે. જ્ઞાતિના ડેટા અપડેટ થવા જોઈએ. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આપણી જ્ઞાતિના વસ્તીપત્રકના ડેટા પણ અપડેટ થવા જોઈએ. આ બાબતે વિસ્તૃત ચર્ચા થઈ હતી વસ્તી પત્રક એ જ્ઞાતિ માટે સૌથી સારી અને ઉપયોગી વસ્તુ છે જેનો ખરો ઉપયોગ નથી થઈ રહ્યો. વિવિધ સુઝાવો બાદ એવું નક્કી કરવામાં આવ્યું કે સમસ્ત મહાજન એક પત્ર લખીને વસ્તીપત્રક સમિતિને જાણ કરે કે આના ડેટા અપડેટ થવા જોઈએ એ માટે એક કેન્દ્રીય વહીવટ કરતી સંસ્થાની સમિતિ હોવી જોઈએ. વસ્તીપત્રકની ડિજિટલ એપ સમસ્ત મહાજનના નેજા હેઠળ સમસ્ત મહાજનની સમિતિ દ્વારા ચલાવવા આપવી એવી વાત થઇ અને તેને ચાર એકમ (ઉત્તર, પશ્ચિમ, મહારાષ્ટ્ર અને કચ્છ) અને મુંબઈ મહાજનની મંજૂરી મહાસમીતીની સભામાં મળેલ છે. તે બાબતની ચર્ચા કરવા માટે આગામી ૨૦ થી ૨૫ દિવસમાં મુંબઈ ખાતે સમસ્ત મહાજનની સાથે મિટીંગ કરવી એવો વસતીપત્રક સમિતિને પત્ર લખવો એવુ સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું હતું.

**એજન્ડા નં.૩.** સેક્રેટરી જનરલ શ્રી નિશિથભાઈ દંડે જણાવ્યું જ્ઞાતિનું છેલ્લું સંમેલન ૨૦૧૮માં નલિયા ખાતે થયું હતું. હાલમાં સંજોગો એવા નથી કે સંમેલન થઈ શકે પણ થોડી સમાજલક્ષી સુધારા વધારા કરવા મિનિ સંમેલન/સમીટ યોજવી જોઈએ. તે માટે વિવિધ મુદ્દાઓ જે સમાજલક્ષી કાર્યો માટે ઉપયોગી થઈ શકે એવા સૂઝાવો જણાવવા સૌ સભ્યોને વિનંતી કરી હતી. આ બાબતે વિવિધ સભ્યોએ અમૂક મુદ્દાઓ જણાવ્યા હતા. એવા ચારથી પાંચ મુદ્દાઓ સમીટમાં રજૂ થઈ શકે અને સમીટ મે માસના છેલ્લા અઠવાડિયા યોજવાની સર્વ સંમતિ થઈ હતી.


**એજન્ડા નં.૪.** પ્રમુખશ્રીની સંમતિથી જે કાંઈ રજૂ થાય તે બાબતે ચર્ચા વિચારણા.

ઉપરોક્ત મુદ્દે સભ્ય શ્રી દીપક ગંગાજર ડાઘાનો ગોરજી મારાજના પરિવારને ન્યાતમાં સમ્મિલિત કરવા અંગેની વિનંતીનો પત્ર સભા સમક્ષ રજૂ કરાયો હતો. સભાના પ્રમુખશ્રીએ આ એજન્ડામાં ન હોઈ ટ્રસ્ટ બોર્ડમાં કે મહાસમિતિની સભામાં ન લઈ શકાય. આગામી ટ્રસ્ટ બોર્ડ અને મહાસમિતિની સભામાં ઉપરોક્ત પત્રને એજન્ડામાં લેવાનું નક્કી થયું હતું. આગામી સભામાં આ બાબતે વિસ્તારથી ચર્ચા કરી નિર્ણય લેવામાં આવશે એવું જણાવ્યું હતું.

સભાના અંતે સભાના પ્રમુખશ્રીએ સૌ સભ્યો વતી રાપરગઢવારી મુકામે ગોડીજી પાર્શ્વનાથ પ્રભુજીની ભવ્યાતિભવ્ય પ્રતિ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો તે માટે રાપરગઢવારી-નાની સિંઘોડી જૈન સંઘ તથા માતુશ્રી તારાબાઈ માણેકજી કેશવજી મોતા પરિવારની ભૂરી ભૂરી અનુમોદના કરી હતી અને જણાવ્યું હતુ કે ક.દ.ઓ. ના ઇતિહાસમાં ગૌરવની કલગી ઉમેરવામાં આવી છે. આજની સભાએ આ પ્રસ્તાવ પાસ કરેલ હતો તથા બધા સભ્યોએ તાળીઓના ગડગડાટ અને જયકારા થી શોભાવી દીધું હતું. ત્યારબાદ કોઈ ચર્ચા બાકી ન રહેતા સભા પૂર્ણ થયેલ જાહેર કરાઈ હતી.

ટ્રસ્ટ બોર્ડની મિટિંગ રાતના ૯:૦૦ કલાકે શ્રી ચંદ્રેશ વીરચંદ શાહ (છેડા) ના પ્રમુખ સ્થાને મળી હતી, કોરમના અભાવે સભાના પ્રમુખશ્રીએ આગળના સમય માટે તે સભા મુલ્તવી રાખવામાં આવેલ અને ટૂંક સમયમાં ટ્રસ્ટ બોર્ડની સભા બોલાવવામાં આવશે.

# સમસ્ત મહાજનની મેડિકલ સમિતિના સંજીવની એમરલ્ડ પેટ્રોન દાતાની પરગજુ ભાવની શત શત વંદના




ખામગામ સ્થિત સુપ્રસિદ્ધ ઉદ્યોગ સમૂહ ગ્રુપ વિકમશી ફેબ્રિક્સ પ્રા.લિમીટેડ હસ્તે શ્રીમતી ગિતીકા જયેશ વિકમશી, વરાડીયા-ખામગામ એ શ્રી સમસ્ત ક.દ.ઓ.જૈન મહાજનની મેડિકલ સમિતિ દ્વારા જરૂરિયાતવાળા જ્ઞાતિજનોને માટે જડી બુટ્ટી જેવું કાર્ય કરતી સંજીવની યોજનાના કાર્ય અને તેના સફળ આયોજનથી પ્રભાવિત થઈ રૂા.૫,૦૪,૦૦૦ અંકે રૂપિયા પાંચ લાખ ચાર હજારનું ઉદાર અને કદાવર કહી શકાય એવું અનુદાન આપી સંજીવની એમરલ્ડ પેટ્રોન તરીકે જોડાયા છે.

પરોપકારનો પર્યાયી ભાવ છે. પારકાઓની ભલાઈ કરવી. અન્યના દુઃખ જોઈ પોતે દુઃખ અનુભવે એ સાચો માનવ છે. પોતાનું જોવું એ સ્વભાવ છે પણ અન્યોની પીડા સમજી તેને મદદ રૂપ થવું. એ મહાનતા અને ઉદારતા છે. આ ભાવનાને સાકારિત કરનારા વિકમશી પરિવાર ખામગામના કાર્યમાંથી અન્યો પ્રેરીત થાય એ ભાવ સાથે ઉદારતાનો ઉદાહરણ દર્શાવનારા પરિવારની સમસ્ત મહાજન અને મેડિકલ સમિતિ શત શત વંદના સાથે ભૂરી ભૂરી અનુમોદના કરે છે.

# ધન્વંતરી પાલક દાતાની અન્ય પ્રત્યેની ભલી લાગણી બદલ અઢળક અનુમોદના




સમસ્ત મહાજન સમિતિની ધન્વંતરી યોજના અંતર્ગત વડીલજનોની સંભાળ અને કાળજી કરાય છે. વડીલો જ્ઞાતિના વડલા છે, વટવૃક્ષ છે. જેમની છાયામાં આજની પેઢી પાંગરે છે. તેમના વિચાર, સંસ્કાર આપણા સૌ માટે પ્રેરણા રૂપ છે. વયની પાછલી અવસ્થામાં ખાધા ખોરાકીના ખર્ચ કરતા દવા, રોગ સારવાર, દાકતરી તપાસ, વિવિધ ટેસ્ટનો ખર્ચ વધુ થતો હોય છે. વડીલજનોને આ ખર્ચ માટે આધાર સહાય માટે આર્થિક ટેકો આપતી ધન્વંતરી યોજના દાતાઓની ઉદાર સહાય વર્ષાથી ઉપયોગી કાર્ય કરે છે.

વાંકુ, વડાલા-મુંબઈના સ્વ.સોનબાઈ ત્રિકમજી વીરજી સોનીની પુણ્ય સ્મૃતિમાં સોની પરિવારએ રૂા.૨૫ હજારનું ઉદાર અનુદાન આપી ધન્વંતરી પાલકની યાદીમાં સમ્લિત થયા છે. અન્યોની મદદ કાજે હાથ લંબાવવો એ ઉદારજનોની દિવ્યતા છે. આ કથનને કરણીમાં પરિવર્તિત કરનાર સોની પરિવાર પ્રત્યે કેડીઓ સિનિયર સિટીઝન સ્વાભિમાન સમિતિ દાતાનો ઋણ સ્વીકારી અનુમોદના કરે છે.

# શ્રી નલિયા નગરે શ્રી ભલારાદાદાના મંદિરનું જીર્ણોદ્ધાર અને પ્રતિષ્ઠા







૧૨૧ વર્ષ પ્રાચીન મુલુંડ ગંગાજર પીર પરિવાર દ્વારા બનાવેલ મંદિરમાં બિરાજમાન હતા. ઘણા વર્ષોથી મંદિર જર્જરિત થઈ જતા તથા દાદાની પ્રતિમા પણ ખંડિત થઈ જતા દાદાનું આવાન આવતા ૩ પરિવાર દ્વારા જીણોધ્ધાર તથા પ્રતિષ્ઠા ભુવાશ્રી ગોવિંદજી લાલજી પટેલ (સાંઘવ)ના માર્ગદર્શન હેઠળ વિધિ સહ કરવામાં આવેલ.

નલિયા ગામે તા.૧૮ ફેબ્રુઆરી ૨૦૨૪ તથા તા.૧૯ ફેબ્રુઆરી ૨૦૨૪ બે દિવસ દરમ્યાન ગામમાં દાદાને રથમાં બિરાજમાન કરી. નલીયા નગરમાં રથયાત્રા કાઢવામાં આવેલ. બપોરના દેરાસરમાં દેવ-દેવિઓ પૂજન રાખવા આવેલ તથા રાત્રે ભક્તિ ભાવનાની રમઝટ બોલાવામાં આવેલ.

# શ્રી નલિયા નગરે શ્રી ભલારાદાદાના મંદિરનું જીર્ણોદ્ધાર અને પ્રતિષ્ઠા









તા.૧૯ ફેબ્રુઆરી ૨૦૨૪ સોમવાર સવારના ૧૦.૧૫ વાગે ભલારાદાદાની પ્રતિષ્ઠા કરવામાં આવેલ. બને દિવસે નલીયાના ગામવાસી તથા બહારગામથી પધારેલ મહેમાનોનું સ્વાગત કરવામાં આવેલ.

૧) શ્રી મુલજી ગંગાજર ડોસાભાઈ પીર પરિવાર હસ્તે દિનેશભાઈ પીર બેંગલોર. ૨) માતુશ્રી કસ્તુરીબાઈ હીરજી કાનજી પીર પરિવાર નલીયા-નલીયા હસ્તે એમની સર્વ સુપુત્રીઓ ૩) માતુશ્રી લક્ષ્મીબેન ભવાનજી જીવરાજ લોડાયા પરિવાર નલીયા-મુલુંડ ત્રણે પરિવાર દ્વારા ૨ દિવસનું દાદાના મંદિરનું જીણોધ્ધાર તથા પ્રતિષ્ઠામાં યોગદાન આપવામાં આવેલ.

સંપૂર્ણ કાર્યક્રમ શ્રી શાંતિજીન જાગૃતિ ગ્રુપ મુલુંડ દ્વારા સંભાળવામાં આવેલ.

મુંબઈ મહાજનની ઉ.પ્ર.કુમારભાઈ દંડ, સેક્રેટરી શ્રી ચેતન મોતા, ધાર્મિક કન્વીનર મનોજ લોડાયા.

મુંબઈથી શ્રી ગોવિંદજી પટેલ, શ્રી શાંતિજીન ગ્રુપ પ્રમુખ, શ્રી વિપુલ પટેલ, કિરણ દંડ, પ્રબોધ મુનવર, પ્રવિણ મોતા, વિરચંદ ખોના, હરીશ શિયાલ, ચેતન પીર, હિતેશ પટેલ, ચીમન ખોના, ભરત લોડાયા, વિરચંદ લોડાયા વિ. મહાનુભવો હાજર રહેલ.

।। શ્રી અજિતનાથ સ્વામિને નમો નમઃ ।।  ।। શ્રી આર્ય-ગુણ-ગુણોદય-કલાપ્રભ-કવી-વીર-મહોદયસાગરસૂરી સદગુરૂભ્યો નમઃ ।।

# શ્રી કચ્છ સુજાપુર અજિતનાથ જૈન તીર્થ

## ગુરુ પધરામણી મહાપર્વ નિમિત્તે

**શ્રી ચક્રેશ્વરી - અચલગચ્છાધિષ્ઠાયિકા**
**શ્રી મહાકાલી માતા પૂજન - હવન પ્રસંગે**

**પધારો... પધારો... પધારો...**



**શુભ દિન : વિ.સ.૨૦૮૦, મહા વદ ૮, તા. ૨ માર્ચ ૨૦૨૪**

શ્રી કચ્છ સુજાપુરના આંગણે **શ્રી ગુરૂગુણસાગરસૂરિ** મહારાજાના પટ્ટધર
અમારા સંઘના પરમ ઉપકારી સંઘ શાસન કૌશલ્યાધાર, અચલગચ્છાધિપતિ
**પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબ આદિ**

સપરિવાર પધરામણી...
આવી છે આનંદ ઉમંગની વધામણી...

સુજ્ઞ આરાધક આત્મન્ !

ગુરૂની પધરામણીને આનંદ વધામણીના મંગલ અવસરે આપ સહુને આમંત્રણ આપતા અનેરો હર્ષ અનુભવી રહ્યા છીએ. ૧૭ વર્ષ પહેલા પૂજ્યપાદશ્રીની નિશ્રામાં વરદ્ હસ્તે શ્રી અજિતનાથ દાદાના જિનાલયની પુનઃ પ્રતિષ્ઠા રંગે ચંગે ઉજવાઇ... ત્યારબાદ તપચક ચક્રવર્તિ, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા., વર્તમાન અચલગચ્છાધિપતિશ્રી તથા ચાર ચાર આચાર્ય ભગવંતો તથા મુનિવરો સુજાપુરના આંગણે પાવન પગલા કરી ગયા. વડોદરા મુકામે પૂજ્યપાદ અચલગચ્છાધિપતિશ્રીને વિનંતી કરવામાં આવેલ, જેનો પૂજ્યશ્રીએ સ્વીકાર કરેલ.

શ્રી ભદ્રેશ્વર તીર્થ, સાભરાઇ, પુનડી, રાપર ગઢવાળી, મોટી સીંધોડી જિનાચલોની અંજનશલાકા પ્રતિષ્ઠા, ગુરૂમંદિર તથા શિલાસ્થાપનાદિ અનેકવિધ શાસન પ્રભાવના કરતા મહા વદ ૮, શનિવાર, તા. ૨-૩-૨૦૨૪ ના આપણા સુજાપુરના આંગણે પૂજ્ય પાદ અચલગચ્છાધિપતિશ્રી પધારશે ત્યારે આપણે સર્વે ગામવાસી ભાઇ-બહેનોએ ગુરૂપધરામણી પર્વ ઉજવવા હાજર રહી શાસન અને જ્ઞાતિની શોભા વધારવા વિનંતિ... સકલ શ્રી સંઘને આ પ્રસંગે પધારવા વિનંતી... ગત વર્ષે ધ્વજારોહણ મહોત્સવે મધુર કંઠી પ.પૂ. મુનિરાજશ્રી મુક્તિરત્નસાગરજી મ.સા. એ પ્રેરણા આપતા અચલગચ્છાધિષ્ઠાયિકા ભગવતી માતાનું પૂજન-હવનનું આયોજન કરેલ છે. આ પ્રસંગે પ.પૂ. યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા. પધારશે.

**શુભ કાર્યક્રમ : શનિવાર. તા. ૨-૩-૨૦૨૪**

- સવારે ૦૭.૦૦ કલાકે : પૂજ્યપાદ અચલગચ્છાધિપતિ ગુરૂદેવાદિ મુનિવરોનું સામૈયુ તથા માંગલિક પ્રવચન
- સવારે ૦૮.૦૦ કલાકે : નવકારશી
- સવારે ૦૯.૦૦ કલાકે : શ્રી ચક્રેશ્વરી, અચલગચ્છાધિષ્ઠાયિકા ભગવતી મહાકાલી પૂજન, હવન
- બપોરે ૧૨.૩૦ કલાકે : સાધર્મિક ભક્તિ

**વિધિકારક : શ્રાદ્ધવર્યશ્રી કેવલભાઈ સાવલા** | **સંગીતકાર : શ્રી કિશોર સંઘાર એન્ડ પાર્ટી**

**ગુરુ પધરામણી મહાપર્વના સંપૂર્ણ પુન્યવંતા દાતા પરિવારો આપ સપરિવાર પધારી પ્રસંગને અજવાળજો**
**સકલ શ્રી સંઘ સપરિવાર પધારી અમારા ઉત્સાહમાં વધારો કરશો....**

**નિમંત્રક : શ્રી કચ્છ સુજાપુર અજિતનાથ જૈન દેરાસર ટ્રસ્ટ**

॥ શ્રી અજિતનાથ સ્વામિને નમો નમઃ ॥ ॥ શ્રી આર્ય-ગુણ-ગુણોદય-કલાપ્રભ-કવી-વીર-મહોદયસાગરસૂરી સદગુરુભ્યો નમઃ ॥

# શ્રી કચ્છ સુજાપુર અજિતનાથ જૈન તીર્થ

## શ્રી ચક્રેશ્વરી માતાજી પ્રતિમા




દાદી મહારાજ પ.પૂ. વિમલયશાશ્રીજી મ.સા. ની સ્મૃતિમાં

**માતુશ્રી મણીબાઈ વર્ધમાન શામજી ખોના**

હ. વૃષભ નિકીતા જયમન, નયના લેરીન ખોના (સુજાપુર) પરિવાર તરફથી

શ્રી ગુણપાર્શ્વનાથ તીર્થ - દેઢીઆને અર્પણ...

## શ્રી મહાકાલી માતાજી પ્રતિમા



**શ્રીમતી જયાબેન હીરાચંદ શાહ, સ્વ. હીરાચંદભાઈ (સુજાપુર) ના પુણ્યાર્થે**

હ. નિર્વા નાયજા ધારા મયંક અને ઝીહાન સ્નેહલ જીતેન શાહ પરિવાર તરફથી

શ્રી ગુણપાર્શ્વનાથ તીર્થ - દેઢીઆને અર્પણ...

---

સંપૂર્ણ દિવસની સાધર્મિક ભક્તિ તથા

શ્રી ચક્રેશ્વરી - શ્રી મહાકાલી માતા પૂજન - હવનના લાભાર્થી

મુખ્ય લાભાર્થી લાખેણા દાતા પરિવાર

**શ્રીમતી જયાબેન હીરાચંદ શાહ પરિવાર (સુજાપુરવાલા)**


## રૂા.૫,૦૦૧/- ના નકરાના લાભાર્થી

- માતુશ્રી લક્ષ્મીબાઈ કુંવરજી છેડા (રાયપુર - સુજાપુર)
- માતુશ્રી પ્રેમીલાબેન લક્ષ્મીચંદ છેડા
  હ. ખુશ ભાવિક છેડા (ભાંડુપ - સુજાપુર)
- માતુશ્રી પુષ્પાબેન પ્રવિણભાઈ છેડા (ભાંડુપ - સુજાપુર)
- માતુશ્રી પુષ્પાબેન ગોવિંદજી શાહ (માટુંગા - સુજાપુર)
- શ્રીમતી રિદ્ધી ગૌરાંગ હુકમચંદ છેડા (ભાંડુપ - સુજાપુર)
- શ્રીમતી પ્રભાબેન કુંગરશી મૈશેરી (મુલુંડ - સુથરી)
- શ્રીમતી જ્યોતિબેન અજિત માલશી લોડાયા
  હ. કિયાન પ્રશાંત લોડાયા (મુલુંડ - તેરા)
- શ્રીમતી રસિકા ઉમંગ હુકમચંદ છેડા (ભાંડુપ - સુજાપુર)
- શ્રીમતી ઉર્વશીબેન હંસકુમાર દંડ (મુલુંડ - સુથરી)
- શ્રીમતી પ્રવીણાબેન ભૂપેંદ્ર વિસરિયા (પવઈ - બાડા)
- શ્રીમતી ઉર્વીબેન ખુશીન દંડ (પવઈ - વરાડિયા)
- માતુશ્રી પ્રેમીલાબેન કાંતિલાલ ખોના (ભાંડુપ - સુજાપુર)
- માતુશ્રી કાંતાબેન લક્ષ્મીચંદ લોડાયા (મલાડ - સુજાપુર)
- માતુશ્રી વિમલાબેન શિવજી લોડાયા (ભુજોડી - વારાપધર)
- માતુશ્રી વિમલાબેન લાલજી જેતશી છેડા (ગોધરા - સુજાપુર)
- શ્રીમતી મધુરીબેન કિરીટભાઈ લાપસીયા (ચેમ્બુર - રવા)
- માતુશ્રી વિજયાબાઈ પદમશી છેડા (ડોંબિવલી - સુજાપુર)
- માતુશ્રી મણીબાઈ વર્ધમાન ખોના
  હ. નયનાબેન લેરીન ખોના (પવઈ - સુજાપુર)
- શ્રી લેરીનભાઈ વર્ધમાન ખોના
  હ. વૃષભ નિકીતા જયમન ખોના (પવઈ - સુજાપુર)
- શ્રીમતી દક્ષાબેન હંસકુમાર છેડા (ભાંડુપ - સુજાપુર)

આ સંપૂર્ણ આયોજનના દાતા પરિવારોની ભૂરિશઃ અનુમોદના સહ અભિનંદન....પધારજો ....શોભા વધારજો

**નિમંત્રક : શ્રી કચ્છ સુજાપુર અજિતનાથ જૈન દેરાસર ટ્રસ્ટ**

# રૂા.૧.૨૧ લાખની જરૂરિયાત જમા થઈ જતાં સંજીવની કેસ નં.૧૩૩ પાછો લેવાયો




સુથરી ભાંડુપના ૬૫ વર્ષીય શ્રીમતી ઈલાબેન વિનોદ ખોના, છેલ્લા ચાર દાયકાથી તેમની ડાબી આંખમાં સમૂળગી દ્રષ્ટિ નથી. જ્યારે જમણી તરફની આંખમાં કોર્નિયલ ડીકોમ્પેન્એશન ગ્રાફ્ટની નિષ્ફળતા હોવાનું નિદાન થયેલ છે. ડોક્ટરો દ્વારા તેમની જમણી આંખ માટે DSEK તરીકે ઓળખાતી કોર્નિયલ ટ્રાન્સપ્લાન્ટ સર્જરી કરવાની જરૂરી હોવાનું નિદાન કર્યું છે.

ઈલાબેન વિધવા ગૃહિણી છે અને તેમના પુત્ર સાથે રહે છે. જે નોકરી કરી નજીવો પગાર મેળવે છે. જેનાથી પરિવારનો ગુજારો થાય છે. તેઓની કોઈ બચત નથી. નથી કોઈ વીમાનું સંરક્ષણ. આ વિકટ પરિસ્થિતિમાંથી સુરક્ષિત બહાર નીકળી શકાય એ માટે તેઓ એ સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજના અંતર્ગત આંખની ઈલાજ માટે નેત્ર નિષ્ણાત ડોક્ટરો દ્વારા અપાયેલ અંદાજિત ખર્ચ રૂા.૧.૨૧ લાખ મદદ રૂપે મળે એની અરજી મૂકી છે.

દર્દી દ્વારા અપાયેલ ડોક્ટરોના રીપોર્ટ વિગેરેનો અભ્યાસ કરી રૂા.૧.૨૧ લાખ એકઠા કરવા કેસ નં.૧૩૩ હેઠળ આ કેસ ક્રાઉડ ફંડિગ માટે મૂકાયો હતો. જણાવતાં ખુશી થાય છે કે ગણત્રીના સમયમાં જરૂરી રકમ એકઠી થઈ જતાં સદર અરજી ક્રાઉડ ફંડિગમાંથી પાછી લેવાઈ છે.

મેડિકલ સમિતિ આ અરજી રકમમાં સહયોગી બનનાર સૌ ઉદારદિલ દાતાઓ, પેટ્રેન મહાજનો, એકમો સંસ્થાઓની અનુમોદના કરે છે.

# સંજીવની કેસ નં.૧૩૪ માટે જરૂરી રૂા.૨.૪૨ લાખ જમા થઈ જતાં ક્રાઉડ ફંડિંગમાંથી પાછો લેવાયો

Samast Mahajan, Sanjivani Initiative

## CASE No.: 134

KDO

## DONATION CLOSED

**Mrs Shobhna Harish Lodaya**

Age: 63 - Chalisgaon, Kutch-Varapadhar

Patient battling with diabetes & Triple Vessel Disease, Now urgently requires Heart Surgery.



**DONATION CLOSED**

**Rs. 2.42 Lakh**

Bank Details:
Name: Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan
Bank : Bank of Baroda Branch : Mulund (West)
A/c.: 99630100021765
IFSC: BARB0DBMULW MICR : 400012272

Shri Samast KDO Jain Mahajan
Medical Committee

80G Registration number
AANTS1160JF20212

Avail tax benefit under section 80G.
*Submit Aadhar & Pan card Copy.
In case of Mobile/NEFT Transfer, kindly forward transfer details on 75060 70851

વારાપધ્ધર-ચાલીસગામના ૬૩ વર્ષીય શ્રીમતી શોભનાબેન હરીશ લોડાયા પહેલેથી ડાયાબિટીસ સાથે ટ્રિપલ વેસલ ડિસીઝ સામે લડી રહ્યાં છે. ત્યારે હવે તાત્કાલિક હાર્ટ સર્જરી કરવી જરૂરી થઈ. તેમનો પુત્ર નાનકડી દુકાન ચલાવી ગુજરાન જોગ કમાઈ લે છે. ખૂબ જ મર્યાદિત આવક રળી ઘરના ખર્ચનું સંતુલન કરતાં પરિવાર ઉપર અચાનક સ્વાસ્થ્યને લગતી તકલીફનો સામનો કરવાનો અને તેમાંથી હેમખેમ પસાર થવાનો મોટો પડકાર હતો જે તેમને માટે ચિંતા રૂપ હતું.

સર્જરી તેમજ સારવારનો અંદાજિત ખર્ચ રૂા.૨.૪૨ હોસ્પિટલ તરફથી અપાયેલ. પરિવારની ન કોઈ માટે બચત હતી કે ન કોઈ વીમાનો સપોર્ટ આ કપરી પરિસ્થિતિમાં ઉગારવા માટે એક જ રાહત બારી હતી સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજના. તેઓએ મેડિકલ સમિતિ સમક્ષ અરજી કરી આધારભૂત રિપોર્ટ સાથે જોડ્યા. આ સર્વેનો અભ્યાસ કરી કેસ માટે રૂા.૨.૪૨ લાખ જમા કરવા કેસ ક્રાઉડ ફંડિંગ માટે ખૂલ્લો મૂકાયો.

દર વખતની જેમ ખુશી સાથે જણાવતાં સંતોષ અનુભવીએ છીએ કે સદર કેસ માટેની જરૂરી રકમ ગણતરીના સમયમાં પરિપૂર્ણ થઈ જતાં સદર કેસ નં.૧૩૪ની અરજી ક્રાઉડ ફંડિંગમાંથી પરત લઈ લેવાઈ.

આ સંજીવની યોજનાના આધાર એવા સૌ ઉદારદિલ દાતા પેટ્રન મહાજનો, સંસ્થાઓના ભરપૂર ટેકાને લીધે આજ સુધી ૧૩૪ કેસોનો સુખ-સંતોષ ભર્યો નિકાલ કરી મદદરૂપ થઈ શક્યા છીએ. જે માટે સૌ સહાયકો, શ્રેષ્ઠીજનોને શત શત નમન સાથે આભાર.

# પ.પૂ.સાધ્વીશ્રી હિમાંશુશ્રીજી મ.સા. સંયમ જીવનના ૧૯મા વર્ષમા પ્રવેશ કર્યો



બાંઢીયા ગામના માવિત્ર સદ્‌ગુણાબેન મૂલચંદભાઈ લોડાયાના સદ્‌ગુણી સંસ્કારી પુત્રી મહાસુદ પાંચમ વિક્રમ સંવત ૨૦૬૨ના દિને પાલીતાણા તીર્થે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદય સાગર સૂરિશ્વરજી મ.સા.ના હાથે દીક્ષા સ્વીકારી ગુરૂમૈયા પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રી મ.સા.ના શિષ્યા તરીકે પ.પૂ.સાધ્વીશ્રી હિમાંશુશ્રીજી મ.સા.નું નૂતન નામ ધારણ કરી સંયમ જીવનના પથનો પ્રવાસ પ્રારંભ કર્યો.

આજ કાલ કરતાં તપ, ત્યાગ, ધર્મ ધ્યાન આરાધના સાથે વિક્રમ સંવત ૨૦૮૦ મહાસુદ પાંચમ તિથિએ પૂ.સાહેબ સંયમ જીવનના અઢાર વર્ષ પરિપૂર્ણ કરી ૧૯મા વર્ષમાં સકુશળ પ્રવેશ કર્યો છે. આ મંગલદિને સૌ ભક્તોની ભાવના કે સાહેબજી રજત, સુવર્ણ, હીરકથી આગળ અમૃત વર્ષ પસાર કરી શતક વર્ષના શિખરે બિરાજે એ મંગલકામના સાથે શત શત વંદના.

# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન હાલોલના પદાધિકારીઓ

શ્રી કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિ મહાજન હાલોલનો સંપર્ક સરનામું ૨૪ જાગૃતિ સોસાયટી, વડોદરા રોડ, હાલોલ-૩૮૯ ૩૫૦. જિલ્લા પંચમહાલ-ગુજરાત તથા ઈમેઈલ આઈડી jainsanket85@gmail.com સૌ જ્ઞાતિ પરિવારો આ બેનર હેઠ સંગઠિત રહી ધર્મ અને સમાજ સેવાના કાર્યોમાં કરે છે. આ મહાજનના પદાધિકારીઓમાં પ્રમુખ દિલીપભાઈ મુલજીભાઈ લોડાયા-૯૮૨૫૦૩૪૩૮૦, અજેશ પૂનમચંદ નાગડા (ઉપપ્રમુખ)-૯૪૨૮૦૨૯૪૯૨, મંત્રી ભરત ધનજી મૈશેરી-૯૩૭૪૧૪૯૯૧૦, સહમંત્રી નવીનચંદ્ર મૂરજી ખોના-૯૯૨૪૪૮૮૯૧૧ અને ખજાનચી ભાવેશ નવીનચંદ્ર ખોના-૯૮૭૯૨૪૮૦૯૯ છે.

# હૈદાબ્રાદ (સિટી) સંઘના શ્રી શાંતિનાથ પ્રભુજી જિનાલયની ૨૩મી વર્ષગાંઠ પ્રસંગે ધ્વજારોહણ મહોત્સવમાં પધારવાનું આમંત્રણ

શ્રી અચલગચ્છ જૈન સંઘ હૈદ્રાબાદ (સિટી) નગરના શ્રી શાંતિનાથ જિનાલયની ૨૩મી વર્ષગાંઠ અને ૨૪મા ધ્વજારોહણ મહોત્સવ તા.૨૯ ફેબ્રુઆરી ગુરૂવાર અને તા.૧ માર્ચ શુક્રવારના ધર્મભક્તિના રંગમાં મગ્ન થઈ ઉજવાશે. આ પ્રસંગે સકળ સંઘને પધારવાનું સ્નેહ ભર્યું આમંત્રણ હૈદ્રાબાદ સિટી સંઘના ચેરમેન રમણિક લીલાધર નાગડા, વાઈસ ચેરમેન શાંતિલાલ ખીમજી મામણિયા તથા મેનેજીગ ટ્રસ્ટી પોપટલાલ કેશવજી છેડા અને સર્વે ટ્રસ્ટીગણ તરફથી અપાયું છે.

શુભ સ્થળ શ્રી જિનેશ્વર ધામ ૩-૪-૨૧૭ કાચીગુડા, સ્ટેશન રોડ, હૈદ્રાબાદ ૫૦૦ ૦૨૭ ફોન : ૦૪૦૪૮૫૨૭૨૧૯ મો.નં.૬૩૦૩૩૩૦૯૯૪ મધે તા.૨૯ ફેબ્રુઆરી ગુરૂવાર સવારના ૯ કલાકે પરમ શુદ્ધિ અઢાર અભિષેક તા.૧ માર્ચ શુક્રવાર સવારના ૯ કલાકે સત્તર ભેદી પૂજા દરમ્યાન ધ્વજા રોહણ વિધિ કરાશે.

વિધિ વિધાન માટે રાજાભાઈ નંદુ સાથે સંગીત મંડળ પધારશે. ૧૮ અભિષેકમાં લાભ લેવા પેઢીમાં સંપર્ક કરવો. સતર ભેદી પૂજા દરમ્યાન વાર્ષિક ચડાવા લેવામાં આવશે. મહોત્સવ દરમ્યાન શ્રી સંઘ તરફથી આયંબિલ કરાવવામાં આવશે.

ધ્વજા રોહણના કાયમી લાભાર્થીઓ મૂળનાયક શ્રી શાંતિનાથ પ્રભુજીની ધ્વજા શેઠ શ્રી મણિકાંત મેઘજી મોમાયા પરિવાર વરાડીયા, શ્રી શ્રેયાંસ પ્રભુજી ધ્વજાના લાભાર્થી શેઠશ્રી લીલાધર જીવરાજ નાગડા પરિવાર વરંડી મોટી, શ્રી નેમિનાથ પ્રભુની ધ્વજા શેઠશ્રી લક્ષ્મીચંદ મેઘજી નાગડા નરેડી, શ્રી વાસુપૂજ્ય સ્વામીની ધ્વજા શેઠશ્રી દામજી જીવરાજ નાગડા પરિવાર વરંડી મોટી અને શ્રી શાંતિનાથ પ્રભુની ધ્વજાના લાભાર્થી શ્રી શેઠશ્રી મણિકાંત મેઘજી મોમાયા પરિવાર વરાડીયા, બપોરનું સ્વામી વાત્સલ્ય ધ્વજારોહણના કાયમી લાભાર્થી પરિવારજનો તરફથી રહેશે.

# સાંધવ તીર્થે શ્રી અજિત શાંતિ મહાપૂજન ધર્મભાવ સાથે સંપન્ન







અબડાસા વિભાગના સાંધવ નગર તીર્થે ધ્વજા મહોત્સવના પ્રથમ દિને તા.૧૯ ફેબ્રુઆરી સોમવારના અજિત શાંતિ મહાપૂજન પ.પૂ.સાધ્વીશ્રી મહોદયશ્રીજી મ.સા. આદિ ઠાણા, પ.પૂ.સાધ્વીશ્રી ભાવગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા, પ.પૂ. સાધ્વીશ્રી ગૌતમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણાની પાવનકારી નિશ્રામાં ધર્મ ભાવ સાથે ભવ્યતાથી સંપન્ન થયું.

# જેઈઈ મેઈન્સ એન્ટ્રન્સ એકઝામમાં અંશ કલ્પેશ માલદેએ ૯૯.૪૨ પર્સેન્ટ મેળવ્યા



દલતુંગી-ડોંબિવલીના અંશ કલ્પેશ માલદે એ એન્જિનિયરીંગ એન્ટ્રન્સ એકઝામ જેઈઈ મેઈન્સમાં ૯૯.૪૨ ટકા માર્ક મેળવી ઝળહળતી સફળતા મેળવી છે. આ સફળ સિધ્ધિ મેળવવા બદલ હાર્દિક અભિનંદન.

# અજોડ શાસન પ્રભાવક તપસ્વીરત્ન મહારાજ સાહેબની વડોદરા સંઘમાં પધરામણી થઈ

અજોડ શાસન પ્રભાવક ૨૩મા વર્ષીતપના તપસ્વી રત્ન, સૂરિમંત્ર, પંચ પ્રસ્થાન સાધક પ.પૂ. આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા. વડોદરા કેડીઓ નગરમાં પધાર્યા. સાહેબનું સંઘમાં ભવ્ય સ્વાગત કરાયું. સાહેબના દર્શન વંદન અને વ્યાખ્યાનનો લાભ સંઘના શ્રાવકો શ્રાવિકાઓએ ભવ્ય લાભ લઈ ધન્ય ધન્ય થયાં હતાં.



# સાંધવ તીર્થ નગરે શ્રી શાંતિનાથ જિનાલયની ૧૫૮મી વર્ષગાંઠે ધ્વજા મહોત્સવ રંગેચંગે ઉજવાયો







સાંધવ મંડન શ્રી શાંતિનાથ જિનાલયની ૧૫૮મી વર્ષગાંઠે ૧૫૮મો ધ્વજા મહોત્સવ મહાસુદ તેરસ બુધવાર તા.૨૧ ફેબ્રુઆરીના દિને અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ ઠાણા સહ સાધ્વીજી ભગવંતોની પાવન નિશ્રામાં અને ચતુર્વિધ સંઘની ભવ્ય હાજરીમાં ઉત્સાહ અને આનંદના વાતાવરણમાં ઉજવાયો

ધ્વજા લલકાર ૐ પુણ્યાહં, ૐ પ્રિયંતામ પ્રિયંતામ.

સંસાર છોડાવતી મોક્ષ અપાવતી ધજા જુઓ ફર ફર કરે. એરી સખી મંગલ ગાવો રી, ધરતી અંબર સજાવો રી. આજ ગગન મેં લહેરાયેગી મેરે દાદા કી ધજા રે, આજ લહેરાયેગી મેરે દાદાકી ધજા રે. ચોક પુરાવો માટી રંગાવો, ખબરે સુનાઓ, ખુશીયા ફેલાઓ. આજ મેરે પ્રભુ કી સાલ ગિરાહ હૈ. આજ મેરે પ્રભુ કે જિનાલય કી વર્ષગાંઠ હૈના ગગન ભેદી નારા સાંધવના ગગનમાં ગર્જ્યા હતા.













# બાયઠ નગરે શ્રી મહાવીર સ્વામી જિનાલયની ૭૩મી વર્ષગાંઠે ત્રિહ્નિકા મહોત્સવ ધર્મ આરાધનાઓ સાથે સંપન્ન




કચ્છના બાયઠ નગરના શ્રી મહાવીર સ્વામી જિનાલયની ૭૩મી વર્ષગાંઠ અવસરે ત્રિહ્નિકા મહોત્સવ અવસરે વિવિધ ધર્મ આરાધનાઓ ધર્મ ભક્તિ સાથે થઈ.

પ્રથમ દિવસે સિધ્ધ ચક્ર મહાપૂજન પ.પૂ.સાધ્વીશ્રી જ્યોતિકળાશ્રીજી મ.સા. પ.પૂ.સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ ઠાણાની પાવન નિશ્રામાં વિધિકાર નિખિલ અમૃતલાલ હરિયા સંગાથે ભણાવવામાં આવેલ.

દ્વિતીય દિવસે અઢાર અભિષેક મહાપૂજન અદ્ભૂત ભાવ સાથે થયું અને તૃતીય દિવસે શ્રી સતર ભેદી મહાપૂજન સહ ધ્વજા રોહણ પ.પૂ.સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ ઠાણાની પાવન નિશ્રામાં વિધિકાર નિખિલ અમૃતલાલ હરિયા સંગાથે સંપન્ન થયેલ.

# વરાડીયા સંઘમાં અચલગચ્છાધિપતિ મહારાજ સાહેબની પધરામણીથી સંઘમાં હર્ષાનુભાવનો માહોલ જામયો





અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી તથા પ.પૂ.મુનિરાજ શ્રી હેમચંદ્ર સાગરજી મ.સા. તા.૨૨ ફેબ્રુઆરી ગુરૂવાર દિને વરાડીયા તીર્થે પધાર્યા. ત્યારે વથાણમાં વરાડીયા ગામવાસીઓ, મહેમાનો સહ ભાવિકોની બહોળી હાજરીમાં ભવ્ય સામૈયુ કરાયું. સંઘની શ્રાવિકાઓએ સુશોભિત બેડાં-કળશ સાથે સ્વાગત કર્યું હતું.

પૂજ્ય સાહેબ ૧૨૨ વર્ષ પ્રાચીન જિનાલયમાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી દાદાના દર્શન કરી નૂતન ઉપાશ્રયમાં ટૂંક વ્યાખ્યાન ફરમાવ્યું. વ્યાખ્યાનમાં એમણે ૫૫ વરસ પહેલાનું સ્મરણ કરી કહેલ કે તેમની દીક્ષા પહેલાના પર્યુષણ પર્વમાં આરાધના કરાવવા નવાવાસની ધાર્મિક અભ્યાસ કરાવતી અચલગચ્છની સંસ્થાના વિદ્યાર્થી રૂપે વરાડીયા પધારેલ.

વરાડીયા સંઘના વર્તમાન ત્રણ ટ્રસ્ટીઓ પદમ લાલજી લોડાયા, નલિન રતનશી ડાઘા તથા પ્રકાશ ભરત લોડાયા અને ભૂતપૂર્વ ટ્રસ્ટી વિનોદભાઈ ડાઘા ઉપસ્થિત રહ્યાં હતાં.

વ્યાખ્યાન બાદ જિનેન્દ્ર હંસરાજ પરબત લોડાયા પરિવાર તરફથી રૂા.૨૦નુ સંઘ પૂજન કરવામાં આવેલ.

# કોઠારા તીર્થના શ્રી શાંતિનાથ પ્રભુજી જિનાલયની ૧૬૩મી વર્ષગાંઠ આચાર્યો શ્રમણ-શ્રમણીવૃંદના વિશાળ નિશ્રામાં ઉજવાઈ





અબડાસા તાલુકા મોટી પંચતીર્થીના શ્રી કોઠારા શાંતિનાથપ્રભુજી જિનાલયની ૧૬૩મી વર્ષગાંઠની અચલગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ, પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજય યોગતિલકસૂરીશ્વરજી મહારાજ સાહેબ, મુનિરાજશ્રી ભાગ્યોદયસાગરજી મહારાજ સાહેબ આદિ શ્રમણ-શ્રમણીવૃંદની શુભપાવન નિશ્રામાં ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવેલ.

બંને આચાર્ય ભગવંતો કોઠારા તીર્થે પધારતા શ્રી કોઠારા જૈન સંઘ દ્વારા વાજતે-ગાજતે શાનદાર સામૈયું કરવામાં આવેલ. ઢોલ-શરણાઇ, શણગારેલા બેડા, ધ્વજા-પતાકા, સાફાધારી શ્રાવકો, બાંધણીમાં સજજ મહિલાઓ, દુપટાધારી યુવાનો સામૈયાનું મુખ્ય આકર્ષણ બન્યા હતા.

સતરભેદી પૂજાબાદ જિનાલયના ઉંચા શ્વેત શિખરો ઉપર ધ્વજારોહણ કરવામાં આવેલ. મુખ્ય ધ્વજા ચડાવવાનો લાભ માતુશ્રી વિજયાબેન રાયચંદ ભોજરાજ ધરમશીં મસૂરવાલા પરિવારે લીધેલ.

પૂજા અને રાત્રી ભાવનામાં સ્તવન, રાસ, ચામરની ભારે રમઝટ જામેલ. સંગીતની રમઝટ કમલેશ ગોસ્વામી એન્ડ પાર્ટી એ જમાવી હતી. બંને આચાર્ય ભગવંતશ્રીઓ તથા મુનિભગવંતશ્રીએ માંગલિક શ્રવણ કરાવતાં કોઠારાનાં ભવ્ય જિનાલયનો ઇતિહાસ, જિનાલય બંધાવનાર શ્રેષ્ઠીવર્યો તથા જૈનધર્મનો અનેરો મહિમા વર્ણતી ધ્વજારોહણનું મહત્વ સમજાવ્યું હતું.

બપોરનું સ્વામિવાત્સલ્ય માતુશ્રી હીરાવંતીબેન ખેતશી દેવશી દંડ પરિવાર, સવારની નવકારશી માતુશ્રી કસ્તુરબાઇ હીરાચંદ મુનવર પરિવાર હસ્તે કર્મ, કનિષ્ક, જીયા, પાર્શ્વ, પર્વ દ્વારા યોજાઇ હતી. જયારે સંઘપૂજન શ્રી કોઠારા જૈન મહાજન શ્રી તથા સંઘમાતા ભારતીબેન ભાગચંદ જૈન (ધરમશી) પરિવાર દ્વારા કરવામાં આવેલ.

આ પ્રસંગે કીર્તિભાઇ ધરમશી, ચેતનભાઇ મોતા, કુમારભાઇ દંડ, ચીમનભાઇ ખોના, લીતેશ ખોના, લીનેશ નાગડા, ચેતન ખોના, મનોજ લોડાયા, કોઠારા તીર્થે પધાર્યા હતા.

કોઠારા જૈન મહાજન હસ્તકની ત્રણે સંસ્થાઓનાં ટ્રસ્ટીવર્યો શ્રી નલીનભાઇ અજાણી, હેમંતભાઇ અજાણી, રાયચંદભાઇ લોડાયા, મધુકાન્તભાઇ શાહ, દીનેશભાઇ અજાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

વ્યવસ્થા દીનેશ લોડાયા, હરીશ મુનવર, નીતિનભાઇ ધરમશી, પ્રબોધ મુનવર, ધનપતિ લોડાયા, દીનેશ મોતા, પનુભા ધલ, ગિરીશ મોમાયા, નીલેશ લોડાયા તથા સર્વે કાર્યકર ભાઇ-બહેનોએ સંભાળી હતી.





# સુજાપુર નગરે શ્રી ભલારા દાદા સ્થાનકનો ૪થો ધ્વજા મહોત્સવ ધામધૂમથી ઉજવાયો





સુજાપુર નગરના પ.પૂ.શ્રી ભલારા દાદાના સ્થાનકનો ૪થો ધ્વજા મહોત્સવ વર્ષગાંઠ બહોળી સંખ્યામાં પધારેલ. ભાવિકો તથા દાદાના ભુવાશ્રી કિશોરભાઈ સાંયાની નિશ્રામાં ધામધૂમ અને હર્ષોલ્લાસથી ઉજવવામાં આવ્યો. હોમહવન વિધિમાં ભાવિકો નિર્મલભાઈ સાંયા તથા કમલેશભાઈ સાંયા સજોડે બેસી વિધિ કરાવેલ. શ્રીફળ ભુવાશ્રી કિશોરભાઈ સાંયા પરિવારે હોમેલ. પૂ.દાદાશ્રીને તિલક કરી ફલહાર તેમજ ધ્વજા ચડાવવાનો લ્હાવો સાંયા પરિવાર વતી જયાબેન હિરાચંદ શાહ, નિર્મલભાઈ સાંયા તથા કમલેશભાઈ સાંયાએ લીધેલ હતો. પેડી, પ્રસાદ તેમજ આરતીનો લાભ સહુ હાજર ભાવિકજનોએ લીધેલ હતો.

ઉત્સવના આગલા દિવસે પૂ.દાદાનો સમૂહ પાઠ કરેલ હતો. જેના દાતા પરિવાર શ્રી મલ્યાબેન ઝવેરચંદ છેડા સુજાપુર–રાયપુરવાળા હસ્તે સતીષભાઈએ લીધેલ. પાઠમાં નલિયાથી પણ ભાવિકો ભાવપૂર્વક પધારી જ્યોતના દર્શન કરી પ્રસાદનો લાભ લીધેલ. સમગ્ર કાર્યક્રમમાં હંસકુમાર છેડા, પ્રવીણભાઈ છેડા, જયમીન ખોના, માજી સરપંચ જુવાન સિંહ સોઢા હાજરી આપેલ. કાર્યક્રમના સમગ્ર આયોજનની વ્યવસ્થા ધવન સાંયા, વત્સલ સાંયા તેમજ ભોગી ગોર વિગેરે સુચારૂપણે જહેમત ઉઠાવી સંભાળી હતી

## પ.પૂ.સાધ્વીશ્રી નવકારગુણાશ્રીજી મ.સા. સંયમ જીવનના ૨૦ વર્ષમાં પ્રવેશ કર્યો



નલિયાના માવિત્ર વિજયાબેન દિનેશભાઈ પદમશી લોડાયાના ધર્મ સંસ્કારી ધી વિક્રમ સંવત ૨૦૬૧ મહાવદ સુદ ૨ તિથિ દિને સંયમ જીવનના પંથ વિચરણ કરવાના અડગ ધ્યેય સાથે ઘાટકોપર નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હાથે દીક્ષા ગ્રહણ કરી ગુરૂમાતા પ.પૂ.સા.શ્રી જ્ઞાનગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે પ.પૂ.સાધ્વીશ્રી નવકારગુણાશ્રીજી મ.સા.નામ સ્વીકારી આત્મ મોક્ષના માર્ગે પંથે આગળ વધવાનો પ્રારંભ કર્યો.

ધર્મ, ભક્તિ, તપ, ત્યાગ આરાધના કરતા કરતાં સંયમ જીવનના ૧૯ વર્ષ ક્યારે પૂરા થઈ ગયા તેની ખબર સુધ્ધાં ન પડી. પૂજ્ય સાહેબ વિક્રમ સંવત ૨૦૮૦ મહાવદ ૨ તિથિ દિને સંયમ જીવનના ૨૦મા વર્ષમાં પગલા માંડ્યા છે ત્યારે હૃદયથી એક જ કામના કે સાહેબનું સંયમ જીવન તપોજીવન બે દાયકા પૂરા કરી. રજત, સુવર્ણ, હીરકને અમૃત વર્ષથી આગળ વધી સુવર્ણ શતક વર્ષમાં પ્રવેશ કરે એ જ શુભકામના સહ વંદના

# વારાપધ્ધર તીર્થે જિનાલયની વર્ષગાંઠ અવસરે ૧૬૩મો ધ્વજારોહણ ઉત્સાહ ઉમંગ સાથે ભવ્યતાથી સંપન્ન




અબડાસા પ્રાંતના વારાપધ્ધર તીર્થ જિનાલયની વર્ષગાંઠ નિમિત્તે ૧૬૩મો ધ્વજારોહણ મહોત્સવ પ.પૂ.સાધ્વીશ્રી મહોદયશ્રીજી મ.સા. આદિઠાણાની પાવન સભર નિશ્રામાં ઉત્સાહ અને ઉમંગ સાથે વિવિધ ધર્મ આરાધનો સાથે સંપન્ન થયો.

# ભાવભીની શ્રદ્ધાંજલિ


શા.ભાણજીભાઈ ડાઘા
તા.૧૮ ફેબ્રુઆરી (ઉ.૮૧)
વરાડીયા-મુંબઈ


રમેશભાઈ જીવાણી
તા.૧૮ ફેબ્રુઆરી (ઉ.૭૩)
જખૌ-મુંબઈ


મધુરીબેન ધરમશી
તા.૧૯ ફેબ્રુઆરી (ઉ.૮૮)
રાણપર-મુંબઈ


પરેશભાઈ લોડાયા
તા.૨૦ ફેબ્રુઆરી (ઉ.૫૭)
મોટી ખાવડી


જયાબેન મોતા
તા.૨૩ ફેબ્રુઆરી (ઉ.૭૫)
કોઠારા-મુંબઈ


નવીનભાઈ સાયલા
તા.૨૪ ફેબ્રુઆરી (ઉ.૬૨)
તેરા-મુંબઈ


જયાબેન ધરમશી
તા.૨૫ ફેબ્રુઆરી (ઉ.૮૭)
નલિયા-મુલુંડ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj

KDO BUSINESS

KDO SANJIVANI

80G સર્ટિફીકેટ

**C.S.R.**

CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO દિવ્યાંગ

स्वाभिमान

AAWAAS

KDO UDAAN

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● ત્રણ દાયકાથી વધુ સમયથી અબડાસાની ધરતીને પોતાનું વતન બનાવી ખેતીના વ્યવસાય અર્થે ૧૩૦૦ કિ.મી. દૂર હરિયાણા પ્રદેશથી આવેલા જાટ પરિવારો કૃષિના પેદાશ કરતાં કરતાં અહીંના લોકો સાથે દૂધમાં સાકરની જેમ ભળી અન્ય ધંધા રોજગાર પણ શરૂ કર્યા છે. ને સમયાંતરે કોઠારા ખાતે જાટ પંચાયતનું પણ આયોજન કરે છે. ૧૯૯૦ના દાયકામાં કચ્છમાં પંજાબથી શીખ પરિવારો કચ્છમાં ખેતી અર્થે આવ્યા હતા. ત્યારબાદ હરિયાણા પ્રદેશમાંથી જાટ પરિવારોનું આગમન થયું. કોઠારા પાસે કનકપર પાસેના વાડી વિસ્તારમાં જાટ સમાજના એકલ દોકલ ખેડૂતે શરૂઆત કર્યા બાદ ૩૦-૩૫ વર્ષ બાદ અબડાસામાં જાટ સમુદાયની પાંચ હજારની વસતી થઈ ગઈ હોવાની જાટ પંચાયતમાં માહિતી આપવામાં આવી હતી. કોઠારામાં કોઠારા નલિયા હાઈવે પર જાટ ધર્મ શાળાનું વિશાળ સંકુલ આવેલું છે. જેમાં જાટ પંચાયત ભરાઈ હતી.

● મથુરા ઉત્તરપ્રદેશના ઓમ પ્રકાશ મહારાજ રતનાલ પંથકમાં છેલ્લાં ૩૦ વર્ષથી શિયાળાની સિઝનમાં પ્રભાત ફેરી દ્વારા હાર્મોનિયમ સાથે શ્રી કૃષ્ણ ગોવિંદ હરે મુરારીના પદો દ્વારા વહેલી સવારે ગામનો માહોલ ભક્તિમય કરે છે. કલી કેશવ કીર્તનમમાં કલિયુગમાં ભગવાનના કીર્તન, નામ, સ્મરણના માહત્મ્યનો મહિમા ગાવામાં આવ્યો છે. રતનાલ પાંચાડાના ઘાણેટી, શિણાય, સતાપર, અંજાર, ભીમાસર સહિતના ગામડામાં શિયાળામાં ૩ મહિનાના ગાળામાં સવારે ચાર વાગ્યાથી નિત્યક્રમ રૂપે શ્રી કૃષ્ણ ભક્તિના પદો દ્વારા પ્રભાત ફેરી કરે છે. હાર્મોનિયમના તાલ સાથે સુમધુરુ સ્વરમાં તેઓ દ્વારા ગવાતા ભજન કીર્તનો એ ગ્રામીણ વિસ્તારમાં આત્મીયતા કેળવી છે. જે કોઈપણ સ્વૈચ્છિક દક્ષિણા આપે તે સંતોષપૂર્વક સ્વીકાર કરે છે. તેમની આ પ્રભુ ભક્તિ વ્રજ વૃંદાવનના ભક્તિ ભાવના પદો દ્વારા આજની યુવા પેઢીને પ્રભુ ભક્તિ તરફ આકર્ષિત જરૂર કરે છે.

● અખિલ ભારતીય આહીરાણી મહારાસ સંગઠન ગુજરાત દ્વારા દેવભૂમિ દ્વારકા ખાતે દ્વિદિસીય મહારાસ યોજાયો. આ ભવ્ય મહારાસ ઉત્સવમાં ૩૭ હજાર આહીરાણીઓ ગરબા સ્વરૂપે રાસ રમીને ભગવાન દ્વારકાધીશના ચરણોમાં ભક્તિ અર્પણ કરી. વિશ્વ રેકોર્ડ સર્જ્યો. આ બહેનોમાં કચ્છમાંથી સાડા ત્રણ હજારથી વધુ બહેનો રાસોત્સવમાં ભાગ લીધો હતો. તે સિવાય આહીર સમાજની પ્રાચીન ભરતગૂંથણ કલા સહિત્યની પ્રદર્શનીનું આયોજન તથા લોક ડાયરો યોજાયો હતો દ્વારકા નાગેશ્વર રોડ પર રૂક્ષ્મણિ મંદિરની બાજુમાં ૮૦૦ વિઘા વિસ્તારમાં નંદધામ પરિસર ઊભું કરાયું. જેમાં ડોમ, મંડપ, રહેવા માટે શમિયાણો, ભોજનાલય અને પાર્કિંગ સહિતની સુવિધાઓ ઊભી કરાઈ હતી.

● ભુજથી નલિયા સુધી બ્રોડગેજ વિસ્તરણની કામગીરી ધમધોકાર રીતે ચાલી રહી છે ત્યાં બ્રોડગેજને નલિયા ઉપરાંત હવે વાયોર સુધી ૨૫ કિ.મી. વિસ્તારવા માટે જમીન સંપાદન કરવા અગત્યનું જાહેર નામું બહાર પાડવામાં આવ્યું છે. જમીન સંપાદન માટે નલિયા પ્રાંત અધિકારીને સતા આપવામાં આવી છે.

● અગાઉ ઉનાળાના કુદરતી ફાલનો સ્વાદ ઉનાળામાં ચાખવા મળે પણ હવે બદલાતા ઋતુ ચક્રને લીધે અમૂક ફાલનો ઊગવાનો ચક્ર બદલી ગયો છે. નખત્રાણામાં રાયણના વૃક્ષમાં ભર શિયાળે રાયણનો ફાલ આવતાં કુતૂહલ સર્જાયું છે. ૩૦ વર્ષ જૂના આ વૃક્ષમાં શિયાળે પ્રથમ વખત રાયણના વૃક્ષમાં મોર આવ્યા ત્યારે નવાઈ લાગી. સમય જતાં ફાલ પણ રાયણનો આવ્યો. વનસ્પતિ પણ સેન્સર પ્રમાણે ઋતુ ઋતુનું કામ કરે છે. એ ભ્રમિત થાય ત્યારે કમોંધે ફળ થાય છે. વાવાઝોડાં, માવઠાં જેવી પરિસ્થિતિથી ઋતુ ચક્ર બદલે તેની અસર થતાં આવું કૌતુક થયું છે. સક્કર ટેટી પણ ઉનાળાની પેદાશ છે તે પણ હવે બારેમાસ ખાવા મળે છે.


DON'T
Compromise!
HEALTH INSURANCE
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA